RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 256, Dt.18-12-2023 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કોરોનાના નવા વેરિયન્ટથી ૨૪ કલાકમાં ૫ લોકોના મોત

## નવા ૩૩૫ દર્દી સાથે ૧૭૦૧ એકટીવ કેસઃ કેરળમાં ૪ અને ઉત્તર પ્રદેશમાં ૧ દર્દીના મોતથી આરોગ્ય તંત્ર હરકતમાંઃ દુનિયાના અનેક દેશોમાં કોરોનાના સબ વેરિયન્ટ વિશે વૈજ્ઞાનિકો ચિંતિત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ફરી કોરોનાનો પગપેસારો ચિંતાજનક બનવાના એંધાણ વર્તાતા હોય તેમ એક જ દિવસમાં ચાર પાંચ લોકોના મોત નીપજયા હતા. કેરળમાં ચાર તથા ઉતર પ્રદેશમાં એક દર્દીનું કોરોનાથી મોત નિપજયુ હતું. દેશમાં નવા ૩૨૫ કેસ નોંધાયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયનાં રીપોર્ટ પ્રમાણે ભારતમાં રવિવારે કોરોનાના નવા ૩૩૫ કેસ નોંધાયા હતા અને આ સાથે એકટીસ કેસની સંખ્યા વધીને ૧૭૧૦ થઈ હતી.કોરોનાનો નવો વેરીએનટ્ જેએન-૧ જયાંથી મળ્યો છે તે કેરળમાં ચાર દર્દીઓનાં મોત નોંદાયા હતા જયારે ઉતર પ્રદેશમાં કોરોનાથી એક વ્યકિતનું મોત નીપજયુ હતું.


આઈસીએમઆર દ્વારા જ એવુ જાહેર કરવામાં આવ્યું છે કે કેરળની ૭૯ વર્ષિય મહિલામાં કોરાનાનો નવો વેરીએનટ્ જેએન-૧ માલુમ પડયો છે. આરટી-પીસીઆર ટેસ્ટ ને તેના જીનોમ સીકવન્સીમાં આ ખુલાસો થયાનું ડો.રાજીવ બહલે કહ્યું હતું.ભારતમાં કોરોનાનો ખાત્મો થઈ ગયાનું ગણાતું હોય તેવા સમયે નવા કેસોની સંખ્યા ચિંતા ઉભી થવાનું સ્વાભાવીક છે. ૨૦૨૦ નાં કોરોનાકાળથી અત્યાર સુધીમાં દેશમાં કોરોનાના કુલ કેસ ૪.૫૦ કરોડ થયા છે.જયારે મૃત્યુઆંક ૫૩૩૩૧૬ છે.અત્યાર સુધીમાં ૨૨૦.૬૭ કરોડ ૨૨૮ ના ડોઝ આપવામાં આવ્યા છે. ભારતમાં નવા વેરીએનટ્ વિશે સરકાર એલર્ટ છે. નેશનલ ઈન્ડીયન મેડીકલ એસોસીએશન કોવીડ ટાસ્ક ફોર્સનાં સહ અધ્યક્ષ રાજીવ જયદેવનનાં કહેવા પ્રમાણે સાત મહિનાનાં ગાળા બાદ કોરોનાનાં કેસ વધી રહ્યા છે. દુનિયાનાં અનેક દેશોમાં કોરોનાનાં આ સબ-વેરીએન્ટ વિશે વૈજ્ઞાનિકો ચિંતીત છે અને અગાઉનાં વેરીએનટ્ કરતા વધુ ચેપી હોવાની આશંકા દર્શાવી રહ્યા છે. વેરીએનટ્થી લોકોમાં તાવ, નાકમાંથી પાણી નિકળવુ, ગળાખારાશ, માથામાં દુ:ખાવો તથા પેટની સમસ્યા જેવા લક્ષણો માલુમ પડી રહ્યા છે. કેરળનાં આરોગ્ય પ્રધાન વીના જયોર્જે જોકે એમ કહ્યું કે નવા સબ વેરીએનટ્થી ગભરાવાની જરૂર નથી. ઓળખાયેલા કેસને પણ મહિના થઈ ગયા છે. ગભરાટને બદલે સાવચેતી રાખવાની સલાહ છે.

# હવે એકસપ્રેસ-વે સહિતના મુખ્ય હાઈવે પર શરૂ થશે હેલીકોપ્ટર એમ્બ્યુલન્સ સેવા

## દિલ્હી-મુંબઈ હાઈવેથી પ્રારંભઃ ટોલપ્લાઝા પાસે આધુનિક એમ્બ્યુલન્સ તૈનાત થશેઃ ટ્રોમા સેન્ટર પણ બનશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં સતત નવા અને આધુનિક બનતા જતા હાઈવે સીકસ તથા એઈઠ લેન સુધી વિસ્તર્યા છે. જેના કારણે મુસાફરીનો સમય તથા ઈંધણ બન્ને બચવા લાગ્યા છે પણ તેની સાથે વધતા જતા વાહનો તથા અન્ય કારણોથી થતા અકસ્માતમાં હવે સરકાર હાઈવે પરના અકસ્માતમાં તાકીદની સારવાર મળી રહે તે માટે ડ્રોન- આધારીત મોનેટરીંગ સીસ્ટમ અને હેલીકોપ્ટર એમ્બ્યુલન્સ સેવા આપવા માટે તૈયારી કરી રહી છે.



આ ઉપરાંત ૩૦૦થી વધુ એડવાન્સ લાઈફ સપોર્ટ સીસ્ટમ ધરાવતી એમ્બ્યુલન્સ ટોલ-પ્લાઝા પર તૈનાત કરવા વિચારણા કરી રહી છે તથા મુખ્ય હાઈવે પર ૧૦૦ કિમીના અંતરે તાત્કાલીક સારવાર આપી શકાય તેમ છે. ટ્રોમા સેન્ટર શરૂ કરશે. સરકાર આ માટે અકસ્માતો માટે કુખ્યાત બ્લેક સ્પોટ ઓળખી ને ત્યાં આ પ્રકારની વ્યવસ્થા કરશે. આ પ્રકારે નિશ્ચીત કરેલા સ્થાનો પાસે હેલીપેડ પણ બનાવાશે. આ માટે દિલ્હી-મુંબઈ એકસપ્રેસ-વે ને પ્રથમ મોડેલ હાઈવે બનાવશે અને તેના અનુભવ બાદ એક બાદ એક એકસપ્રેસ વે તથા મોટા હાઈવેમાં તેનો અમલ કરાશે.

# દાઉદ ઈબ્રાહીમને ઝેર અપાયું હોવાની વાત પાક. સો.મિડિયામાં વાયરલ

## દાઉદ ફીટ છે અને કોઈ ઝેર અપાયું નથીઃ છોટા શકીલનો દાવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાકિસ્તાનમાં શરણ લઈ રહેલા અને ભારત માટે વોન્ટેડ અનેક આતંકીઓ તથા માફીયાઓના ખાસ ગણાતા નજીકના લોકોના રહસ્ય મોત વચ્ચે હવે ભારતના વોન્ટેડ- નંબર- વન દાઉદ ઈબ્રાહીમને પણ ઝેર આપી તેની હત્યાનો પ્રયાસ થયો હોવાના નખબરથ સોશિયલ મીડીયામાં વાયરલ થયા છે તથા દાઉદ હાલ કરાચીની એક હોસ્પીટલમાં તે સારવાર હેઠળ હોવાનું પણ જણાવ્યું છે અથવા તો તે મૃત્યુ પણ પામ્યો હોય તેવી સંભાવના આ ડિજીટલ મીડીયામાં દર્શાવાઈ રહી છે. પાકના કાર્યવાહક વડાપ્રધાન અનવારૂલ હકકના નામથી ચાલતા એક ટવીટર હેન્ડલ (એકસ)માંથી દાઉદના મૃત્યુના સમાચાર



અપાયા છે તે વાયરલ થઈ છે.

ધ ફ્રી પ્રેમ જર્નલના રિપોર્ટ મુજબ દાઉદ ઈબ્રાહીમ કરાચીમાં કઈ હોસ્પીટલમાં દાખલ છે અને તેને કયાં- કઈ રીતે ઝેર અપાયુ તે અંગે તથા તે મૃત્યુ પામ્યો છે કે નહી તે મુદે પણ રહસ્ય છે. ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટ બાદ દાઉદ ઈબ્રાહીમ પાકિસ્તાન નાસી છુટયો હતો અને તે કરાચીમાં સ્થાયી થયો હતો તથા પાક. જાસૂસી એજન્સીના સહયોગથી ત્યાંથી જ ભારતમાં તેની માફીયા ગેંગ તથા ભારત વિરોધી આતંકી સહિતની પ્રવૃતિ ચલાવે છે.

જો કે પાકે કદી પણ દાઉદ તેને ત્યાં હોવાનું સતાવાર રીતે સ્વીકાર્યુ નથી. દાઉદના સ્વાસ્થ્ય અંગે અવારનવાર અનેક પ્રકારના ઉલટાપુલટા ખબર આવે છે તેનો ચાર દશકાથી કોઈ અપડેટ ફોટો પણ મળ્યો નથી અને ફકત એ જ નિશ્ચિત થયું હતું કે તેની પુત્રીના લગ્ન પાકના પુર્વ ક્રિકેટર જાવેદ મિયાદાદના પુત્ર સાથે થયા છે તે હવે દુનિયાભરમાં ડ્રગ રેકેટ ચલાવે છે તથા ખાસ કરીને અફઘાનમાં જે અફીણ વિ.નું ઉત્પાદન થાય છે તેની પ્રોસેસીંગ કરી હેરોઈન સહિતના માદક દ્રવ્યો પણ ભારત અને દુનિયાના અનેક દેશોમાં તે સપ્લાય કરે છે. પાકની શક્તિશાળી જાસૂસી એજન્સી તથા પાક સેનાનું તેને પીઠબળ છે જેથી તે પાકમાં સલામત છે.

માફિયા ડોન દાઉદ ઈબ્રાહીમને કરાચીમાં ઝેર અપાયું હોવાના અહેવાલ પર તેના ખાસ સાથી અને દાઉદ ગેંગના નંબર ટુ ગણાતા છોટા શકીલે દાવો કર્યો છે કે 'ભાઈ'ને ઝેર અપાયું નથી તે ફીટ છે. 'હિન્દુસ્તાન' સમાચાર દ્વારા છોટા શકિલનો આ દાવો પ્રકાશિત કરાયો છે.

# કેન્દ્ર સરકાર દ્વારા નવા ૭૫ લાખ રસોઈ ગેસના કનેકશન આપવાની તૈયારીઃ રૂા.૬૦૦માં સિલિન્ડર મળી શકશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં દિવસેને દિવસે મોંઘવારી વધી રહી છે અને તેમા પણ જો રસોઈ ગેસના બાટલના ભાવમાં વધારો થાય ત્યારે ઘણા લોકોનું બજેટ ખોરવાઈ જાય છે ત્યારે હવે ૬૦૦ ૬૦૦ રૂપિયામાં રસોઈ ગેસનો બાટલો મળી શકશે. આ માટે કેન્દ્ર સરકાર ૭૫ લાખ કનેક્શન આપવાની તૈયારી કરી રહી છે.



કેન્દ્રિય મંત્રી હરદિપ સિંહ પૂરીએ સંસદમાં આ અંગેની મહત્વપૂર્ણ માહિતી આપતા કહ્યું હતું કે કેન્દ્ર સરકાર ગરીબ પરિવારોને સસ્તામાં રસોઈ ગેસનો બાટલો દેવામાં અન્ય દેશની તુલનામાં અસરકારક રહી છે. પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ જેવા પાડોસી દેશોમાં રસોઈ ગેસના બાટલાની કિંમત ભારતની કિંમત કરતા ખુબ જ વધારે છે. હાલમાં જ સંસદમાં એક સવાલનો જવાબ આપતા તેમણે રસોઈ ગેસના વપરાશ વિશે પણ માહિતી આપી હતી. પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી એ જણાવ્યુ હતું કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ રસોઈ ગેસની સરેરાશ માથાદીઠ વપરાશ એપ્રિલ-ઓક્ટોબર સુધી ૩.૮ સિલિન્ડર રિફિલ સુધી સુધરી ગઈ છે, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ૩.૦૧ સિલિન્ડર રિફિલ અને નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન તે ૩.૭૧ રહી હતી.

કેન્દ્રીય મંત્રીએ વધુમાં કહ્યું હતું કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ કેન્દ્ર સરકાર ગરીબ પરીવારોને ૩૦૦ રૂપિયાની સબસિડી આપી રહી છે ત્યારે દિલ્હીમાં આ યોજનાના લાભાર્થીને ૧૪.૨ કિલોગ્રામનો રસોઈ ગેસનો બાટલો ૬૦૩ રૂપિયામાં મળશે. દિલ્હીમાં કેન્દ્ર સરકાના આ યોજનાના લાભાર્થીને ૯૦૩ રૂપિયાના રસોઈ ગેસનો બાટલો ખરીદવો પડશે અને બાદમાં તેના પર ૩૦૦ રુપિયાની સબસિડી સીધી જ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવશે. કેન્દ્રિય મંત્રીએ જણાવ્યુ હતું કે પાકિસ્તાનમાં રસોઈ ગેસનો બાટલો ૧૦૫૯.૪૬ જ્યારે શ્રીલંકામાં ૧,૦૩૨.૩૫ અને નેપાળમાં ૧,૧૯૮.૫૬ રૂપિયા મળે છે.

કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ વધુમાં જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૧૪માં LPGના ૧૪ કરોડ ગ્રાહકો હતા જે હવે ૩૩ કરોડ થઈ ગયા છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ લગભગ ૧૦ કરોડ ગ્રાહકો છે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૬માં શરુ કરી હતી જેથી ગરીબ પરિવારને સસ્તામાં રસોઈ ગેસના બાટલાનો લાભ આપી શકે. હાલમાં જ પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી ૨૦૨૫-૨૬ સુધી ત્રણ વર્ષમાં ૭૫ લાખ નવા કનેક્શન આપવા માટે યોજનાના વિસ્તરણને મંજૂરી આપી દીધી છે. આ નવા કનેક્શન સાથે ઙખઅઢ હેઠળ કુલ લાભાર્થીઓની સંખ્યા ૧૦.૩૫ કરોડ થઈ જશે.

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ જો તમે એપ્લાય કરવા ઈચ્છતા હોય તો કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલી www.pmuy.gov.in જઈને તમારે એપ્લાઈ ફોર ઙખઅઢ કનેક્શન પર ક્લિક કરવાનું રહેશે ત્યારબાદ જે કંપનીનો રસોઈ ગેસનો બાટલો લેવા માંગતા હો તેને પસંદ કરવાનો રહેશે અને ત્યારબાદ દસ્તાવેજ સાથે માહિતી ભરીને એપ્લાઈ બટન પર ક્લિક કરવાનું રહેશે.

# જામીન અરજીઓનો ઝડપથી નિકાલ લાવોઃ સુપ્રીમે તમામ કોર્ટોને કરી તાકીદ

## આવી અરજીઓને લોકોની સ્વતંત્રતા સાથે સીધો સંબંધઃ લાંબા સમય સુધી અરજીનો નિકાલ નહીં કરાતા સુપ્રીમે નારાજગી વ્યકત કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે દેશની તમામ કોર્ટો અને હાઈકોર્ટોને જામીન અરજીઓનો ઝડપથી નિવેડો લાવવા તાકીદ કરી છે. સુપ્રીમ કોર્ટે દેશની તમામ કોર્ટો અને હાઈકોર્ટોને તાકીદ કરી હતી કે તેઓની કોર્ટોમાં કરાયેલી આગોતરા જામીન અરજીઓનો તાત્કાલીક ધોરણે હાથ ઉપર લઈ સુનાવણી કરવી અને તેનો જેમ બને તેમ ઝડપથી નિકાલ કરી દેવો કેમ કે આ એવી અરજીઓ હોય છે નાગરિકોની સ્વતંત્રતા સાથે સીધો સંબંધ ધરાવે છે.




નકલી દસ્તાવેજો અને છેતરપીંડીની એક અરજીની સુનાવણી દરમ્યાન જસ્ટીસ સી.ટી.રવિકુમાર અને જસ્ટીસ સંજયકુમારની બેંચે તાજેતરમાં કરેલાં એક આદેશમાં કહ્યું હતું કે આ કોર્ટ પુનરોચ્ચાર કરવા સાથે ઠરાવે છે કે આગોતરા જામીનની અરજી કે અરજીઓ નાગરિકોની સ્વતંત્રતા સાથે સીધો સંબંધ ધરાવતી હોવાથી તેને જેમ બને તેમ જલ્દીથી બોર્ડ ઉપર લાવી તેનો નિકાલ કરી દેવો જોઈએ.બેંચે એમ પણ કહ્યું હતું કે ૨૦૨૨ની સાલમાં પણ દેશની આ સર્વોચ્ચ અદાલતે સમાન અભિપ્રાય ભારપૂર્વક વ્યક્ત કર્યો હતો અને આગોતરા જામીન અરજીઓને મોડેથી બોર્ડ ઉપર લેવાની અને લાંબા સમય સુધી તેનો નિકાલ નહીં કરવાની હાઈકોર્ટોની રીત-રસમ અને પદ્ધતિ પ્રત્યે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.જુદી જુદી કોર્ટમાં આ પ્રકારની વારંવાર બની રહેલી ઘટનાઓના પરિપ્રેક્ષ્યમાં આ કોર્ટના રજિસ્ટ્રાર જનરલે દેશની તમામ કોર્ટો અને હાઈકોર્ટોને આ આદેશની એક નકલ મોકલી આપવી જેથી કરીને વિવિધ કોર્ટોમાં ઘણાં સમયથી પેન્ડીંગ રહેલી આગોતરા જામીન અરજીઓ ઝડપથી હાથ ધરાઈ છે કે નહી અને તેનો સત્વરે નિકાલ થયો છે કે નહીં તે બાબત સુનિશ્ચિત કરી શકાય એમ બેંચે તેના ૧૧ ડિસેમ્બરે કરેલાં આદેશમાં કહ્યું હતું.

# પહેલાં સુરતનું એરપોર્ટ બસપોર્ટ જેવું લાગતુ હતું, આજે સુરત મીની ભારત બની ગયુ છેઃવડાપ્રધાન નરેન્દ્ર મોદી

**મુખ્ય સમાચાર, સુરત**

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતમાં એરપોર્ટના નવા ટર્મિનલ અને ડાયમંડ બુર્સનું ઉદઘાટન કર્યું છે. તેઓએ ઉદઘાટન સમારોહમાં જણાવ્યું હતું કે, પહેલા હું અહીં એરપોર્ટ પર આવતો ત્યારે લાગતું કે, એરપોર્ટ છે કે બસપોર્ટ, પણ આજે સુરત મિનિ ભારત બની ગયું છે. આજે ૧૨૫ દેશના ધ્વજ સુરતમાં ફરકી રહ્યા છે.







નરેન્દ્ર મોદીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, નમસ્કાર... હૂરત એટલે હૂરત, સુરત પાસે ઇતિહાસનો અનુભવ, વર્તમાનમાં રહેતા, ભવિષ્યની દુરંદેશી એનું નામ સુરત. સુરત કામમાં લોચો મારે નહીં અને ખાવામાં લોચો છોડે નહી. આમ બધી વાતે સુરતીઓને ગમે તેટલી ઉતાવળ હોય પણ ખાણીપીણીની દુકાને અડધી કલાક રોકાય જ. ગમે તેટલો વરસાદ પડે પણ ભજીયા ખાવા એટલે ખાવા જ. ફૂટપાથ પર ઘારી ખાતો હોય. નાકા પરના સર્કલે આંટો મારવા ન જાય પણ વિશ્વ આખું ફરે. સૌરાષ્ટ્રના ભાઈઓ સુરત વલ્યા. આ લોકોને પૂછ્યું કે તમને સુરત કેવું લાગ્યું તો કહ્યું કે, કાઠિયાવાડમાં સામસામે મોટરસાયકલ અથડાય તો તલવારો ખેંચાય જાય પણ સુરતમાં તો કહે તારી પણ ભૂલ છે અને મારી પણ.

વધુમાં જણાવ્યું હતું કે, ડાયમંડ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે. દુનિયામાં ડાયમંડની સાથે સુરતનું નામ આવશે પણ ભારતનું પણ નામ સાથે આવશે. ડાયમંડ બુર્સ નવા ભારતની નવા સામર્થ્ય અને નવા ભારતના સંકલ્પનું પ્રતિક છે. મને કેટલોક ભાગ જોવા મળ્યો. પરંતુ મેં એ લોકોને કહ્યું કે, તમે એન્વાર્યમેન્ટના વકીલ છો તો ગ્રીન બિલ્ડિંગ શું હોય એ બતાવો. વિદ્યાર્થીઓને બોલાવી બતાવો કે આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરની દુનિયા શું છે. સુરતના વેપારીઓને એકસાથે બે ભેટ મળી છે. સુરત એરપોર્ટને ઇન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો મળી ગઈ છે. સુરતીઓની વર્ષો જૂની માગ આજે પૂરી થઈ છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, હું પહેલા અહીં આવતો ત્યારે લાગતું કે એરપોર્ટ છે કે એરપોર્ટ. સુરતથી દુબઈની ફ્લાઈટ આજે શરૂ થશે, જલ્દી હોંગકોંગની ફ્લાઈટ શરૂ થશે. સુરતનું એરપોર્ટ સાથે આજે ગુજરાતમાં ત્રણ ઇન્ટરનેશનલ એરપોર્ટ બની ગયા છે. સુરતીઓના સામર્થ્યનો મુકાબલો કરવો મુશ્કેલ છે. અંગ્રેજ વૈભવ જોઈને પહેલા સુરત આવ્યા હતા. સમુદ્રી જહાજ સુરતમાં જ બનતા હતા. ઇતિહાસમાં સુરત પર મોટા મોટા સંકટ આવ્યા પણ બધાએ સાથે મળીને સામનો કર્યો. ૮૪ દેશના શીપના ઝંડા અહીં ફરકતા હતા અને આજે ૧૮૪ દેશના ઝંડા અહીં ફરકવાના છે. ગંભીર બિમારી, તાપીમાં પૂર આવ્યું પણ મને પૂરો ભરોસો હતો કે, સુરત સંકટમાંથી બહાર આવશે. આજ જુઓ આ શહેર દુનિયાના સૌથી ઝડપથી આગળ વધતુ ટોપ ૧૦ શહેરમાનું એક છે. સુરતમાં દરેક ક્ષેત્રે કામ શાનદાર થતું રહ્યું છે

વધુમાં જણાવ્યું હતું કે, લોખા યુવાનો માટે સુરત ડ્રીમ સિટી છે. આઇટીના ક્ષેત્રમાં પણ આગળ વધી રહ્યું છે. ડાયમંડ બુર્સના ભાગરૂપે આવડી મોટી બિલ્ડિંગ મળવી એ આપનું સામર્થ્ય છે. સુરતના લોકો મોદીની ગેરંટીને બહુ સમયથી જાણે છે. આ ગેરંટીનું ઉદાહરણ આ સુરત ડાયમંડ બુર્સ છે. ૨૦૧૪માં દિલ્હીમાં વર્લ્ડ ડાયમંડ કોન્ફરન્સ થઈ હતી. ત્યારે જ મેં ડાયમંડ બુર્સ બનાવવાની જાહેરાત કરી હતી. આજે દરેક પ્રકારનો વેપાર એક જ છત નીચે શરૂ થઈ ગયો છે. ડાયમંડ બુર્સ વન સ્ટોપ સેન્ટર છે. અહીં જ્વેલેરી મોલ છે, ૮ લાખથી વધુ લોકોને રોજગારી મળી રહી છે અને વધુ દોઢ લાખ લોકોને રોજગારી આપશે.

વધુમાં જણાવ્યું હતું કે, સુરતે ગુજરાત, દેશને ઘણું બધુ આપ્યું છે. મારા હિસાબે આ શરૂઆત છે, હજુ આપણે આગળ વધવાનું છે. હવે દુનિયાના દેશોની ઇકોનોમીમાં ભારતનો ટોપ ૩માં સમાવેશ થશે. સરકારે આગામી ૨૫ વર્ષનો ટાર્ગેટ પણ નક્કી કર્યો છે. જેના પર અમે કામ કરી રહ્યા છીએ. સુરતની ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝની જવાબદારી વધી ગઈ છે.

# રશિયાના ડાયમન્ડસ પર પ્રતિબંધની ભારતના ઉદ્યોગ પર અસર નહીં થાય

## દેશમાં પ્રોસેસ્ડ થયેલા ડાયમન્ડસની નિકાસ ચાલુ રહેશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રશિયાના ડાયમન્ડસની સીધી આયાત પર જાન્યુઆરીથી જી૭ના લાગુ થતા પ્રતિબંધની ભારત પર ખાસ અસર જોવા નહીં મળવાની ધારણાં રાખવામાં આવી રહી છે. જી૭ વિસ્તારોમાં પ્રવેશનારા રશિયન ડાયમન્ડસનો જાન્યુઆરીથી સ્વીકાર કરાશે નહીં.



રશિયા ખાતેથી આયાત થતાં રફ ડાયમન્ડસ પર અંકૂશ હોવો જોઈએ ખરો પરંતુ ભારતમાં પ્રોસેસ્ડ થયેલા ડાયમન્ડસ પર કોઈ નિયંત્રણ ન હોવું જોઈએ તેવી ભારતની રજુઆત સાથે જી૭ સહમત થયું છે. આને કારણે ભારતના ડાયમન્ડ ઉદ્યોગ પર ખાસ અસર જોવા નહીં મળે એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

એન્ટવર્પ તથા અન્ય વિસ્તારો ખાતેથી આવનારા રશિયાના ડાયમન્ડસ આપણા ડાયમન્ડ પ્રોસેસિંગ એકમોમાં ઉપયોગમાં લઈ શકાશે. રશિયાના ડાયમન્ડસની સીધી આયાત પરના પ્રતિબંધ બાદ આપણા પ્રોસેસ્ડ ડાયમન્ડસની નિકાસમાં ખલેલ ન પડે તે આપણે જોવાનું રહેશે એમ પણ સુત્રોએ જણાવ્યું હતું. શુક્રવારે જારી થયેલા દેશના નવેમ્બરના નિકાસ આંકમાં વાર્ષિક ધોરણે ૨.૮૦ ટકા ઘટાડો નોંધાયો છે, પરંતુ જેમ એન્ડ જ્વેલરીની નિકાસમાં ૧૨ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી છે.

જો કે જાન્યુઆરીથી અમલી બનનારા પ્રતિબંધને પરિણામે ભારતના ડાયમન્ડસની નિકાસ પર અસર પડવાની સ્થાનિક હીરા ઉદ્યોગમાં ચિંતા પ્રવર્તી રહી છે. અમેરિકા ભારતનું મોટું ડાયમન્ડસ નિકાસ મથક છે. વૈશ્વિક ડાયમન્ડ બજારમાં ૩૦ ટકા હિસ્સા સાથે રશિયા વોલ્યુમની દ્રષ્ટિએ રફ ડાયમન્ડસનો મોટો ઉત્પાદક દેશ છે.

# મોરબીના નવલખી રોડ ઉપર આવેલ સોસાયટીમાંથી વિદેશી દારૂના મસમોટા જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબી બી ડીવીઝન પોલીસે નવલખી રોડ ઉપર આવેલ શ્રધ્ધાપાર્ક સોસાયટીમાંથી આરોપીના કબ્જામાંથી ઇગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની ૫૫૨ બોટલનો જથ્થો કબ્જે લઇ આરોપીની અટક કરી પ્રોહી. એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી ગણનાપાત્ર કેસ શોધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી બી ડિવિઝન પોલીસ મથક સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન અ.હે.કો. નરેન્દ્રભારથી મહેંદ્રભારથી, વિજયભાઇ મુળુભાઇ, પો.કોન્સ. કિર્તિસિંહ બહાદુરસિંહ નાઓની ખાનગી હકીકતના આધારે નવલખી રોડ ઉપરથી યમુના સોસાયટીની બાજુમા આવેલ શ્રધ્ધાપાર્ક સોસાયટી ખાતેથી આરોપી હરેંદ્રસિંહ ઉર્ફે ભુરો કનકસિંહ ઉર્ફે કનુભા જાડેજા ઉવ.૪૩ રહે- શ્રધ્ધાપાર્ક સોસાયટી, મુળગામ-મોટા દહીસરા તા.માળીયા મોરબીને ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની નાની મોટી બોટલ નંગ- ૫૫૨ કિં.રૂ.૧,૮૪,૨૦૦/-ના મુદામાલ સાથે આરોપીને સ્થળ ઉપરથી રેઇડ દરમ્યાન ઇગ્લીશ દારૂના જથ્થા સાથે પકડી પાડી આરોપી વિરૂધ્ધ કાયદેશરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# આરબલુસ સીમની વાડીમાં દંપતીને લૂંટી લેનાર બે પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**







જામનગર લાલપુર તાલુકાના આરબલુસ ગામના વાડીવિસ્તારમાં રાત્રે શ્રમિક દંપતિને ધમકાવી રોકડઉપરાંત મોબાઇલ અને દાગીના વગેરેમાલમતા લૂંટીને બે શખસો નાશી છુટયાનોબનાવ બહાર આવ્યો હતો.જેમાં તપાસદરમિયાન સ્થાનિક ગુના શોધક શાખાએ ચાંદીબજાર વિસ્તારમાંથી લૂંટમાં ગયેલાદાગીના,મોબાઇલ અને રોકડ સાથે બે શખસોનેસકંજામાં લીધા હતા.જે પૈકી એક શખસસાતનારી ગેંગનો સાગરીત હોવાનુ પોલીસપુછપરછમાં ખુલ્યુ હતુ.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસારલાલપુર તાલુકાના આરબલુસ વાડી વિસ્તારમાંરહેતા અને ખેતમજુરી કામ કરતા કાલુભાઇફતીયાભાઇ મેડા અને તેના પત્ની રાત્રે વાડીનાખુલ્લા એકઢાળીયામાં સુતા હતા ત્યારે મોડીરાત્રે ધસી આવેલા બે શખસોએ દિવાલ પરટંગાડેલી થેલીમાંથી બે જોડી ચાંદીનીબંગડી-ઝુમખા વગેરે ઉઠાવી લીધા હતા જે બાદજાગી ગયેલા દંપતિને ડરાવી ધમકાવીકાલુભાઈના પેન્ટના ખિસ્સામાંથી પણ રૂ. ૩હજારની રોકડ ઉપરાંત બે મોબાઇલ ફોનલૂંટીનો નાશી છુટયા હતા. આ બનાવ મામલેલાલપુર પોલીસે અજાણ્યા શખસો સામે ગુનોનોંધી તેની શોધખોળ હાથ ધરી હતી જેદરમિયાન સ્થાનિક ગુના શોધક શાખાએ પણતપાસમાં ઝૂકાવ્યુ હતુ.દરમિયાન એલસીબી ટીમને આ લૂંટમાંસંડોવાયેલા બે શખસો ચાંદીબજાર વિસ્તારમાંઆવ્યા હોવાની બાતમી મળી હતી. જેના આધારે ટીમ તુરંત ચાંદીબજારમા ધસી ગઈ હતી.જયાંથી પોલીસે ધીરૂ ઉર્ફે ધીરીયોમનજીભાઇ સોલંકી (રે. સિકકા પાટીયા) અનેપરેશ ધીરૂભાઇ વાઘેલા (રે. ધ્રોલ)ને દબોચીલીધા હતા. જેની પોલીસે તલાશી લેતા તેના કબજામાંથી ત્રણ હજાર રોકડા,બે મોબાઇલઅને ચાંદીની બે જોડી બંગડી અને ઝુમખા વગેરે મળી આવ્યા હતા.પોલીસે તેના કબજામાંથીલૂંટમાં વપરાયેલુ બાઇક સહિત રૂ.૫૪,૮૦૦નો મુદામાલ કબજે કર્યો હતો.કુખ્યાત શખસ સામે ૯ ગુના નોંધાયાનું ખૂલ્યું હતું.

આરોપી બેલડી પૈકી ધીરૂ ઉર્ફે ધીરીયો સામે અગાઉલાલપુર, શેઠ વડાળા, પંચ બી ઉપરાંત દેવભૂમિદ્વારકાના સલાયા, ભાણવડ અને ખંભાળિયા પંથકમાંછેલ્લા ૨૩ વર્ષમાં પોણો ડઝન ગુના નોંધાયા હોવાનુપ્રાથમિક તપાસમાં ખુલ્યુ હતુ.જેમાં લૂંટ ઉપરાંત હત્યાવગેરે ગુનાનો સમાવેશ થતો હોવાનુ પોલીસે જણાવ્યુહતુ.પોલીસ પુછપરછમાં આરોપી ધીરૂ ઉર્ફે ધીરીયોમનજી સોલંકી કુખ્યાત સાતનારી ગેંગનો સાગરીતહોવાનુ ખુલ્યુ હતુ.

# જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડ રોડ પર આવેલી વેપારીની જમીન પચાવી પાડવા મામલે પિતા-પુત્ર સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર નજીક આવેલ હાપા માર્કેટિંગ યાર્ડ રોડ પર આવેલી જામનગરના એક વેપારીની જમીનમાં ગેરકાયદે કબ્જો કરી જમીન પચાવી પાડવા અંગે જામનગરના પિતા-પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ અંગે ગુનો નોંધાયો છે. જમીનનો કબજો કરી લઈ તેમાં રસ્તા બનાવી લીધા બાદ જમીન ખાલી નહીં કરી પતાવી દેવાની ધમકી આપતાં મામલો જિલ્લા કલેકટર અને પોલીસમાં લઈ જવાયો હતો. જિલ્લા કલેક્ટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગની અરજી કરાયા પછી આ ફરિયાદ દાખલ થઈ છે.આ ફરિયાદ અંગેના સમગ્ર બનાવવાની માહિતી મુજબ વિગત જામનગરમાં મહાવીર સોસાયટીમાં રહેતા અને અનાજ કરિયાણાનો વેપાર કરતા નિશાંતભાઈ ગિરધરલાલ મોરજરીયા નામના લોહાણા વેપારી કે જેઓની જામનગર નજીક હાપા માર્કેટિંગ યાર્ડ રોડ પર રેવન્યુ સર્વે નંબર ૪૬૭,૪૬૮ ના પેટા પ્લોટ નંબર ૬ વાળી જમીન આવેલી છે. જે જમીનનો ગેરકાયદે રીતે કબ્જો કરી લેવાયો હતો, અને જામનગરમાં કૌશલ નગરમાં રહેતા રસિકભાઈ જેઠાલાલ ભરડવા અને દિશાંત રસિકભાઈ ભરડવા નામના પિતા-પુત્ર દ્વારા જમીનમાં પેશકદમી કરી લઈ પોતાના આવવા જવા માટેના રસ્તા વગેરે બનાવી લેવાયા હતા.જે અંગેની ફરિયાદી વેપારી ને જાણ થતાં તેઓએ પોતાની જમીન ખાલી કરી દેવા માટે જણાવ્યું હતું. પરંતુ પિતા પુત્ર એ જમીન ખાલી નહીં કરી ફરીથી જમીન ખાલી કરવા માટે દબાણ કરશે તો ટાંટીયા ભંગાવી નાખશે, તેવી ધમકી ઉચ્ચારી હતી.

જેથી નિશાંતભાઈ મોરજરીયા દ્વારા જામનગરના જિલ્લા કલેકટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ અરજી કરવામાં આવી હતી. જે અરજીના અનુસંધાને સીટી એ. ડિવિઝન પોલીસને તપાસ સોંપવામાં આવી હતી, અને તેનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.જેમાં વેપારીની જમીનમાં ગેરકાયદે કબ્જો કરવામાં આવી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી કલેક્ટરના આદેશ અનુસાર જિલ્લા પોલીસવડાને હેઠળ ગુનો દાખલ કરવા હુકમ કરાયો હતો, તે અનુસાર જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસમાં આરોપી પિતા પુત્ર રસિકભાઈ ભરડવા અને દિશાંત રસિકભાઈ સામે ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ ની કલમ ૪(૩),૫ અને આઈપીસી કલમ ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# જામનગર નજીક આવેલું સચાણા શીપ બ્રેકિંગ યાર્ડ પુનઃ ધમધમ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર નજીક આવેલુંસચાણા શીપ બ્રેકિંગ યાર્ડ ૧૧ વર્ષ બાદ પુનઃ ધમધમ્યું છે. એક જહાજ ભાંગવા માટે આવ્યું છે. યાર્ડ પુનઃ શરૂ થતાં ૧૦૦૦ થી વધુ લોકોને રોજગારી મળશે. જામનગર નજીક આવેલું સચાણા શિપ બ્રેકિંગ યાર્ડ ૧૯૭૭ માં શરૂ થયું હતું. પરંતુ વર્ષ-૨૦૧૨માં ગુજરાત મેરીટાઈમ બોર્ડ અને મરીન નેશનલ પાર્ક, વન-પર્યાવરણ વિભાગ વચ્ચે મતભેદને કારણે યાર્ડ બંધ કરવામાં આવ્યું હતું. આથી આ મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો હતો અને વર્ષ-૨૦૨૦માં યાર્ડ શરૂ કરવાની તરફેણમાં ચુકાદો આવ્યો હતો. આ માટે સ્થાનિક અગ્રણી મંત્રી રાઘવજી પટેલ, સાંસદ પૂનમબેન માડમ, મંત્રી મૂળુભાઈ બેરાએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હતી. ગત ગુરૂવારે પ્લોટ નં.૧૭માં એક જહાજ ભાંગવા માટે આવ્યું છે. આથી શીપ બ્રેકિંગ યાર્ડ ધીમે ધીમે પુનઃ ધમધમતું થતાં રોજગારીની તક વધશે. યાર્ડ પર જરૂરી સવલતો ઉપલબ્ધ કરવા માટે રાજ્ય સરકારે વર્ષ-૨૦૨૨માં ૨૫ કરોડ, વર્ષ-૨૦૨૩માં ૨૪ કરોડની ફાળવણી કરી હતી. તેમાંથી રોડ રસ્તા, પાણી વગેરેની સુવિધા માટેની કામગીરી ચાલી રહી છે. વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૮ પ્લોટમાં ૩૮ જહાજ ભાંગવા માટે આવ્યા હતાં. ત્યારપછી વિવાદ ઉભો થતાં શીપ બ્રેકિંગ યાર્ડ બંધ થયું હતું.

# વાંકાનેરના અરણીટીંબા તથા કોઠારીયા ગામને ODF plus model જાહેર,પ્રમાણપત્ર એનાયત કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**





મોરબી જીલ્લાના ગામોમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ના રથ ભ્રમણ કરી રહ્યા છે. આ રથ દ્વારા સરકારશ્રીની વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી ગ્રામજનો સુધી અસરકારક રીતે રજૂ કરવામાં આવી રહી છે. ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા અભિયાન અન્વયે કરેલ ઉમદા કાર્યો બદલ ગ્રામ પંચાયતોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવી રહ્યા છે.

વાંકાનેરના અરણીટીંબા તથા કોઠારીયા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આગમન થયું હતું. સ્વચ્છ ભારત મિશન (ગ્રામ્ય) યોજના હેઠળ ઘઉઋ ૃહીત ળજ્ઞમયહ ના પેરામીટર ધરાવતા હોય તેવા ગામોને અભિનંદન આપી સન્માનિત કરવામાં આવે છે. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન વાંકાનેર તાલુકાના અરણીટીંબા તથા કોઠારીયા ગામને સ્વચ્છ ભારત મિશન (ગ્રામ્ય) યોજના હેઠળ ગ્રામ પંચાયતને ઘઉઋ ૃહીત ખજ્ઞમયહ જાહેર કરી સરપંચશ્રીઓને અભિનંદન પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

# મોરબી જીલ્લા ગ્રાહક કમિશન દ્વારા રાજકોટ નાગરિક સહકારી બેંકને ફટકાર

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી જીલ્લા ગ્રાહક તકરાર કમિશન દ્વારા વધુ એક ગ્રાહકને ન્યાય અપાવ્યો છે. જેમાં ફરીયાદીનું મકાન મોર્ગેજમાંથી મુક્ત કરવાનો મોરબી જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા આદેશ જારી કરવામાં આવ્યો છે.

સમગ્ર કેસની પ્રાપ્ત વિગત અનુસાર મોરબીના વ્રજ સિરામિક પ્રા.લી દ્વારા શ્રી રાજકોટ નાગરિક બેંક લી. મોરબી શાખામાંથી લોન લીધેલ હતી. તેઓએ લોનની રકમ ભરપાઈ કરવા છતાં તેમાં મોર્ગેજ કરેલ રમેશભાઈ ટપુભાઈ ભોરણીયાનું રાજકોટ સ્થિત મકાન રિલીઝ ન કરતા રમેશભાઈ ટપુભાઈ ભોરણીયા તેઓના મોરબી વકીલ મયુર પી. પુજારા મારફતે મોરબી જીલ્લા ગ્રાહક તકરાર કોર્ટમાં ફરિયાદ કરતા બેંક દ્વારા એવો વાંધો લેવામાં આવેલ કે રમેશભાઈ ગંગોત્રી ગ્લેઝમાં જામીન તરીકે હોય તેઓની પ્રોપર્ટી મુક્ત કરી શકાય નહીં જે બાબતનો મોરબી જીલ્લા ગ્રાહક તકરાર કોર્ટમાં કેસ ચાલી જતાં રમેશભાઈ ટપુભાઈ ભોરણીયાના વકીલની ધારદાર દલીલ તથા રજૂ કરેલ પુરાવા ધ્યાને લઇ ગ્રાહક સુરક્ષા આયોગ દ્વારા એવું માનવામાં આવેલ કે જે મિલકત મોર્ગેજ કરેલ હતી તે મિલકત પરની લોન ભરપાઈ થઈ જવા છતાં મિલકત રિલીઝ ન કરવી તે ગ્રાહક નું શોષણ કહેવાય અને અયોગ્ય વેપાર નીતિ કહેવાય અને તે અટકાવવી જોઈએ.

ઉપરોક્ત ગ્રાહકને થયેલા અન્યાય બાબતે મોરબી જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કરીને શ્રી રાજકોટ નાગરિક બેંકને એવો આદેશ કરવામાં આવેલ છે કે વ્રજ સિરામિક પ્રા.લી દ્વારા લેવાયેલ લોનના કામે જામીન તરીકે રમેશભાઈ ટપુભાઈ ભોરણીયાનું મોર્ગેજ કરેલ મકાન મોર્ગેજમાંથી મુક્ત કરવું અને મુક્ત કર્યાનું લખાણ રમેશભાઈ ટપુભાઈ ભોરણીયાને આદેશના ૪૫ દિવસમાં આપવું. આ કામે ફરિયાદી રમેશભાઈ તરફે મોરબીના વકીલ મયુર પી.પુજારા રોકાયેલ હતા.

## હળવદના ચાડધ્રા ગામે સ્વ.માધુભા ગઢવીની પુણ્યસ્મૃતિમાં સંતવાણીનું આયોજન

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**



**મોરબી:** હળવદ તાલુકાના ચાડધ્રા ગામના ગઢવી સમાજના અગ્રણી માધુભા ડુંગરસંગ ગઢવીનું તા.૧૪ ડિસેમ્બરના રોજ દુઃખદ અવસાન થયું હતું. તેઓ સતત ૨૫ વર્ષ સુધી ચાડધ્રા ગામના સરપંચ તરીકે સેવા આપી અને લોક ઉપયોગી કામો કર્યા હતા. હંમેશા લોકોને ઉપયોગી થવાની ભાવના સાથે જીવનના છેલ્લા શ્વાસ સુધી માધુભા લોક ઉપયોગી કામો કરતા રહ્યા હતા. ગત તા.૬ ડિસેમ્બરથી ૧૨ ડિસેમ્બર સુધી ચાડધ્રા ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું તેમના દ્વારા આયોજન કરવામાં આવ્યું હતુ. પૂજ્ય જીજ્ઞેશ દાદાના મુખે ભાગવત કથાનું રસપાન કર્યા બાદ તા.૧૪ ડિસેમ્બરના તેઓ સ્વર્ગવાસ પામ્યા હતા. સ્વ. માધુભા ગઢવીની પુણ્ય સ્મૃતિમાં હળવદના ચાડધ્રા ગામે સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૧ ડિસેમ્બરને ગુરુવારના રોજ યોજાનાર આ સંતવાણીમાં પ્રદીપભાઈ ગઢવી, રાજુભાઈ ગઢવી, પ્રવીણભાઈ ગઢવી, ગોપાલ સાધુ (આરાધ્ય ભજનિક), અનુભા બાવડી, વિપુલ મહારાજ, હિતેશગીરી અને હકાભા ગઢવી સહિતના કલાકારો સુર રેલાવીને સ્વ.માધુભા ગઢવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

# જામનગર જિલ્લા જેલમાં કેદીઓના માનદ વેતનમાં વધારાથી કેદીઓમાં આનંદ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા જેલમાં કેદીઓના મો મીઠા કરાવાયા રાજ્યની જેલોમાં રહેલ સજા પામેલ કેદીઓને જેલમાં માનસ સુધારણા પ્રવૃત્તિના ભાગરૂપે તાલીમ સહ ઉત્પાદનના ધોરણે વિવિધ ઉદ્યોગલક્ષી કામગીરી સોંપી તૈયાર કરવામાં આવે છે. કામગીરીના ભાગરૂપે કેદીઓને વર્ગીકૃત કરી બિનકુશળ, અર્ધકુશળ અને કુશળની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.જેમાં બિનકુશળ કેદીને રૂ.૭૦, અર્ધકુશળ કેદીને રૂ.૮૦, કુશળ કેદીને રૂ.૧૦૦ માનદ વેતન ચૂકવવામાં આવતું હતું. પરંતુ રાજ્ય સરકાર દ્વારા માનદ વેતનમાં સુધારો કરી બિનકુશળ કેદી માટે રૂ.૧૧૦, અર્ધકુશળ કેદી માટે રૂ.૧૪૦, કુશળ કેદી માટે રૂ.૧૭૦ કરવામાં આવ્યું છે.

જેની જાણ જામનગર જીલ્લા જેલમાં અધિક્ષક એમ.એન.જાડેજાએ જેલમાં કામ કરતા કેદીઓને કરી મોં મીઠું કરાવ્યું હતું.

# સાર્થક વિદ્યામંદિરમાં આઠમો તુલસી દિવસ ઉજવાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

સાર્થક વિદ્યામંદિરમાં દર વર્ષે ૨૫ ડિસેમ્બરના દિવસને તુલસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

તારીખ ૨૫ ડિસેમ્બરના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા દરમિયાન તુલસી દિવસ ઉજવવામાં આવશે. જેમાં તુલસી રોપા વિતરણ, તુલસી સન્માન અર્પણ, ઈંક્ષતફિંફલફિફળ અૂફિક્ષયયત, વૈદિક પેરેન્ટિંગ અભિયાન ઉદઘાટન, આયુર્વેદિક અને ઓર્ગેનિક વસ્તુઓનું વેચાણ, વગેરે આયોજન થશે. ઉલ્લેખનીય છે કે આ વખતે વિદ્યાલય દ્વારા આઠમી વખત તુલસી દિવસ ઉજવવામાં આવશે.

# મોરબીમાં ટંકારા તાલુકાના લખધીરગઢ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન

## ગ્રામજનોએ વિકસિત ભારત માટે સહભાગી થવા સંકલ્પ લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**



આ પ્રસંગે લખધીરગઢના ગ્રામજનો અને સૌ ઉપસ્થિતોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકોર્ડ કરેલો વિકસિત ભારત સંકલ્પ અન્વયે પ્રજાજોગ સંદેશો સાંભળી પ્રદર્શન નિહાળ્યું હતું.

આ પ્રસંગે પોષણ યોજના,પીએમ કિશાન સ્વનિધી, પીએમ આવાસ યોજના (ગ્રામીણ), આયુષ્માન કાર્ડ વગેરે યોજનાના લાભાર્થીઓએ તેમને મળેલ લાભની મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત વાત કરી હતી. ઉપરાંત ગ્રામ પંચાયતની ૧૦૦% નળ જોડાણની સિદ્ધિ માટે પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા. આંગણવાડીના ભૂલકાઓ દ્વારા વિશેષ નાટક રજૂ કરવામાં આવ્યું હતું

કાર્યક્રમ સ્થળે આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ તેમજ યોજના અંગેના સ્ટોલ ઉભા કરી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અન્વયે ખેડૂત મિત્રોને અધ્યતન ખેતી પદ્ધતિમાં ઓછા ખર્ચે અને નેનો યુરિયા ખાતરનો સરળતાથી છંટકાવ કરતા ડ્રોન ટેકનોલોજી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોરબી જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી નિલેશ રાણીપા, ગામના સરપંચશ્રી ધર્મિષ્ઠાબેન, અગ્રણી સર્વશ્રી કિરીટભાઈ અંદરપા, દિનેશભાઈ વાધળીયા, સંજયભાઈ ભાગ્યા, રૂપસિંહ ઝાલા, હસમુખભાઈ દુબરિયા, જયશ્રીબેન સીણોચિયા, પંકજભાઈ સખાપરા, પ્રતિનિધિઓ, આગેવાનો, સરકારી વિભાગના અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીની માણેકવાડા શાળામાં ICT કોમ્પ્યુટર લેબનું તેજસ્વી વિદ્યાર્થીઓના હસ્તે ઉદ્દઘાટન

**મુખ્ય સમાચાર, મોરબી**



માણેકવાડા શાળામાં ગત સત્રમાં સૌથી વધુ ગુણાંક અને સૌથી વધુ હાજરી ધરાવતા કન્યા અને કુમારના વરદ હસ્તે કમ્પ્યુટર લેબનો શુભારંભ કરવામાં આવ્યો

મોરબી જિલ્લાની ૩૬૮ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા ICT કમ્પ્યુટર લેબ આપેલ છે જેમાં ૧૫ કમ્પ્યુટર વિથ ઈયર ફોન,વેબ કેમેરા તેમજ કોટા સ્ટોનના પ્લેટફોર્મ અને ત્રીસ ખુરશીઓ ફાળવેલ છે.કમ્પ્યુટરમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉપયોગ માટે G-SHALA માં તમામ વિષયોનું વિષયવસ્તુ કન્ટેન્ટ પણ આપેલ છે,વાંચેલું ભુલાય જાય છે જોયેલું થોડું થોડું સમજાય જાય છે.પણ જાતે કરેલું,જાતે શીખેલું યાદ રહી જાય છે,એવા ધ્યેય સાથે દ્રશ્ય-શ્રાવ્ય સાધન તરીકે વિદ્યાર્થીઓ કમ્પ્યુટરનો ઉપયોગ કરે અને ગુણવત્તાલક્ષી શિક્ષણ પ્રાપ્ત કરે એવા શુભાષયથી સરકાર દ્વારા આપેલ ખૂબજ આધુનિક કમ્પ્યુટર ધરાવતી ICT ક્લબ નો શુભારંભ માણેકવાડા શાળામાં ગત સત્રમાં સૌથી વધુ ગુણાંક અને સૌથી વધુ હાજરી ધરાવતા કન્યા અને કુમારના વરદ હસ્તે કરવામાં આવ્યો.શાળાના આચાર્ય વિપુલભાઈ અઘારા તેમજ તમામ સ્ટાફના આ સ્તુતિય પગલાંથી વિદ્યાર્થીઓના વાલીઓ પણ ખુબજ ખુશ થયા હતા.

## સાર્થક વિદ્યામંદીરના આચાર્ય વિવેકભાઈ મનોજભાઈ શુકલનું સમસ્ત બ્રહ્મસમાજ સૌરાષ્ટ્ર-કચ્છ દ્વારા સન્માન કરાયુ

**મુખ્ય સમાચાર, મોરબી**



સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ - ૨૦૨૩ નું આયોજન જૂનાગઢ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં સાર્થક વિદ્યામંદિરના પ્રાથમિક વિભાગના પ્રાધાનાચાર્ય શુકલ વિવેકભાઈ મનોજભાઈને સંસ્કૃત વિષયમાં ખ.અ. ની ડીગ્રીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો હતો. જે અંતર્ગત શિક્ષણવિદ્ ગિજુભાઈ ભરાડના હસ્તે સુવર્ણચંદ્રક તેમજ રજતચંદ્રક તથા પ્રમાણપત્ર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ તેમજ સંસ્કૃત કાર્યો માટે સમગ્ર બ્રહ્મ સમાજ મોરબી, શાળા તેમજ કુટુંબ પરિવાર તરફથી અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# પોલીસ હેડ કવાર્ટર ખાતે લોકરક્ષકદળના જવાનોની તાલીમ પૂર્ણ થતા દીક્ષાંત પરેડ સમારોહ યોજાયો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેર પોલીસ હેડ કોટર ખાતે તાલીમ લઈ રહેલા બીન હથિયારી લોકરક્ષક બેન્ચ ૨૦૨૩ ની તાલીબપૂર્ણ થતાં આ લોકરક્ષકોના દીક્ષાંત પરેડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું મુખ્ય મહેમાન તરીકે રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને અધિક પોલીસ કમિશનર વિધુત ચૌધરી દ્વારા પરેડ કરી દીક્ષાંત પરેડ સમારોહ યોજવામાં આવ્યો હતો

## આજી ડેમ અને ભક્તિનગર પોલીસ સ્ટેશન દ્વારા પ્રજા-પોલીસ વચ્ચેના સંવાદ સેતુ અંતર્ગત "ત્રણ વાત તમારી, ત્રણ અમારી" કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના કોમ્યુનીટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધીકારી ગુજરાત રાજ્ય ગાંધીનગરના "ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી" ઝુંબેશ હેઠળ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૧) તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમી.ની સુચના તથા માર્ગદર્શન હેઠળ આજરોજ ઔદ્યોગીક વિસ્તાર લોઠડા જી.આઇ.ડી.સી. ખાતે "ત્રણ વાત તમારી, ત્રણ અમારી" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારના લોઠડા, કોઠારીયા સોલવન્ટ, આજીડેમ ચોકડી, માંડાડુંગર તથા અન્ય ઇન્ડસ્ટ્રીયલ એરીયા તેમજ ભકિતનગર પોલીસ સ્ટેશન વિસ્તારના પટેલનગર, અટીકા, વીરાણી અઘાટ વિગેરે ઇન્ડસ્ટ્રીયલ એરીયાના હોદ્દેદારો તેમજ ઉધોગકારો હાજર રહેલ હતા. રાજકોટ પોલીસ પક્ષે અધિક પોલીસ કમિશ્નર વીધી ચૌધરી તથા નાયબ પોલીસ કમિશ્નર સજનસિંહ પરમાર (ઝોન-૧) તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિ. વી.જી.પટેલ તથા આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર કે.જે.કરપડા તથા ભકિતનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એમ.એમ.સરવૈયા ઉપરાંતના પોલીસ અધિકારી, કર્મચારીઓ હાજર રહેલ હતા.

પોલીસ અને પ્રજા કે જેમાં ઉધોગકારો, ઔધોગીક વસાહતોના રહીશો તેમજ કારીગરો વચ્ચે એકાત્મતા કેળવાય ઉપરાંત સંવાદોનુ અંતર ઘટે જેથી નાગરીકોના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવે તે માટે "કોમ્યુનીટી પોલીસીંગ" ખુબ જ અગત્યનું છે, પોલીસ સ્થાનિક નાગરીકોની સમસ્યાઓ અને અપેક્ષાને ધ્યાનમાં રાખીને પોતાની ફરજો નીભાવે તેમજ તે અનુસાર કામગીરીને પ્રાથમિકતા આપે તેમજ સામાન્ય પ્રજા સાથે સોહાર્દપુર્ણ વર્તન કરે તે જરૂરી છે, આ ભાવના ને સિધ્ધ કરવા અર્થેનો આ "ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી" કાર્યક્રમને આજીડેમ પોલીસ સ્ટેશન તથા ભકિતનગર પોલીસ સ્ટેશન વિસ્તારના ઇન્ડસ્ટ્રીયલ એરીયાના હોદ્દેદારો તથા ઉધોગકારો સાથે યોજી નવતર પ્રયોગ કરવામાં આવેલ હતો.

## રેલ્વેની ટિકીટ બુક કરવાના બહાને યુવાન સાથે રૂા.૧૨ હજારની છેતરપીંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી મેઈન રોડ પર કૈલાશનગરમાં રહેતા અને ફોટોગ્રાફીનો ધંધો કરતા હરેશભાઈ ભાયલાલ પરમાર એ ફરિયાદ કરી હતી જેમાં આરોપી તરીકે અજાણ્યા શખસોના નામો આપ્યા હતા ફરિયાદમાં જણાવ્યુ હતુ કે તેના વ્હોટસએપમાં બુકીંગ તત્કાલ ટિકિટ નામે ગ્રુપમાં તેને એડ કર્યો હતો દરમિયાન તેના મિત્રો સાથે ગોવા જવાનુ હોય જેથી તેને ગ્રુપમાં આવેલા નંબર પરથી ફોન કરી વાત કરી હતી અને તેને રેલવેના એજન્ટની ઓળખ આપી હતી જેથી તેને રાજકોટથી ગોવાની રેલવે તત્કાલ ટિકિટની વાત કરતા તમે ચિંતા ના કરો તમારી ટિકિટ થઈ જશે અને તેને કયુ. આર. કોડ મોકલેલ જેમાં તેને પેમેન્ટ મોકલવાનુ કહેતા તેને ઓન લાઈન રૂ.૩૯૯૦ પેમેન્ટ કર્યુ હતુ અને ત્યાર બાદ કટકે - કટકે કુલ રૂ.૧૨૭૯૦ ઓન લાઈન પેમેન્ટ કર્યા બાદ તેને વ્હોટસએપમાં ટિકિટ મોકલી હોય જે ચેક કરતા તે ટિકિટ ખોટી બતાવતા તેને ફોન કરી વાત કરી તેના રૂપિયા પરત આપવાની વાત કરી હતી પરંતુ કોઈના કોઈ બહાના બતાવતા તેને પોલીસમાં ફરિયાદ કરતા પીએસઆઈ ગજેરા સહીતના સ્ટાફે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

## વાળાડુંગરા ગામે વિરપુર પોલીસે દરોડો પાડતા બુટલેગર ફરારઃ ૩૯૬ બોટલ દારૂ કબ્જે


**મુખ્ય સમાચાર, રાજકોટ**

વીરપુરના વાળાડુંગર ગામે આવેલા છાપરવાડી ડેમ પાસે દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી વીરપુર પોલીસને થતાં દરોડો પાડવામાં આવ્યો હતો અને કુલ રૂ.૧.૧૮ લાખની દારૂની ૩૯૬ બોટલો કબ્જે કરી બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ વિરપુર પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી આધારે વાળાડુંગર ગામે આવેલા છાપરવાડી ડેમ પાસે વાળાડુંગર ગામનો રામજી ઉર્ફે રામકુ બાવનજીભાઈ મકવાણા નામનો બુટલેગર દારૂની હેરાફેરી કરતો હોવાથી પોલીસે દરોડો પાડયો હતો અને ત્યાંથી અલગ અલગ બ્રાન્ડની દારૂની કુલ ૩૬૯ બોટલો જેની કિંમત રૂ.૧.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.જ્યારે પોલીસને જોઈને નાશી છૂટેલા રામજી ઉર્ફે રામકુ બાવનજીભાઈ મકવાણાની હાલ વીરપુર પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

## જસદણના ભંડારીયા ગામે પ્રેમી પંખીડાનો ઝેરી દવા પી સજોડે આપઘાત

### યુવકનાં સગપણની વાત ચાલતી હોય એક નહીં થઈ શકાય તેવું માની ઝેર પી લીધુંઃ પાડોશી યુવા હૈયાઓ વચ્ચે પાંગરેલી પ્રેમ કહાનીનો કરુણ અંત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ તાલુકાનાં ભંડારીયા ગામે પાડોશમાં રહેતા યુવક -યુવતીએ વાડીએ જઈ સાથે ઝેર પી લેતા બન્નેને ગોંડલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.જ્યા સારવાર દરમ્યાન બન્નેનાં મોત નિપજ્યા હતા.યુવક યુવતી વચ્ચે પ્રેમ સંબધ હોય અને યુવકનાં સગપણની વાત ચાલતી હોય આ જન્મમાં એક નહી થઈ શકાય તેવું માની બન્નેએ સાથે ઝેર પી લઈ અનંત ની વાટ પકડી હતી.બનાવ અંગે ભાડલા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ભંડારીયા ગામે પાડોશમાં રહેતા કિંજલ ભરતભાઈ મોઢ ઉ.૧૮ તથા વિવેક ભુપતભાઈ બાવરીયા ઉ.૧૮ વહેલી સવારે પાંચ વાગ્યે વિવેકની વાડીએ પહોંચી ઝેર પી લેતા બન્નેને ગંભીર હાલતમાં ગોંડલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.જ્યાં સારવાર દરમ્યાન પ્રથમ વિવેક અને બાદમાં કિંજલે અનંતની વાટ પકડી હતી.બન્નેનાં મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

વિવેક નાં સગપણ ની વાત ચાલતી હોય તેનો પરીવાર કમળાપુર છોકરી જોવા પણ ગયો હતો અને નજીકનાં સમય માં સગાઈ પણ થવાની હતી. પરંતુ એ પહેલાં જ પ્રેમમાં મૃત્યુ સુધીનો સાથ નિભાવવા બન્નેએ ઝેર પી લઈ જીવન ટુંકાવ્યુ હતું. કિંજલ નાં પિતા ખેતીકામ કરે છે.

જ્યારે વિવેક બે ભાઈઓ સાથેનાં સંયુક્ત પરિવાર માં રહેતો હતો.તેનાં પિતા ખેતીકામ કરેછે. એકજ દિવાલે પાડોશ માં રહેતા યુવક યુવતીએ સાથે ઝેર પી લઈ આત્મહત્યા કરતા બન્ને નો પરીવાર શોકમગ્ન બન્યો હતો.

## આટકોટ પંથકમાં ગાય-ભેસની ચોરી કરતી ગેંગનો પર્દાફાશઃ ત્રણ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**



જસદણ આટકોટ પંથકમાં છેલ્લા ઘણા સમયથી માલ ઢોરની ચોરી કરતી ગેંગ સક્રિય બની હોવાના કારણે આ પંથકમાં અનેક સ્થળોએ ભેંસ અને પાડોની ચોરી થયાના બનાવો પ્રકાશમાં આવતા રૂરલ એલસીબી ની ટીમે ગઈકાલે ધોળકા તાલુકાના ગાંગડ ગામનો કાંતિ ઉર્ફે દિનેશ ઉર્ફે ટીનો ચુનારા તથા રોહીકા ગામનો રાજુ પરસોતમ વાઘેલા તથા જીતેન્દ્ર જીતુ દીપા વાઘેલા સહિત ત્રણ શખ્સોની ગેંગને ઝડપી લઇ માલઢોલ ચોરી કરતી ગેંગ નો પડદા પાસ કર્યો છે પોલીસે આ ત્રણેય શકશો પાસેથી બે ભેંસ બે પાડો અને મોબાઈલ સહિત ₹૮૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી આ ત્રણેય આરોપીનો કબજો આટકોટ પોલીસને સોંપવામાં આવ્યો છે

## જંગલેશ્વરમાં પરણીતાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી નાંખ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વર વિસ્તારમાં રહેતી ૨૪ વર્ષીય પરિણીતાએ પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.બનાવ મામલે ભક્તિનગર પોલીસ દ્વારા પરિણીતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આપઘાતનું કારણ જાણવા તજવીજ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ જંગલેશ્વર શેરી નં ૨૮ માં રહેતી - સકીનાબેન સલમાનખાન રસીદખાન નામના ૨૪ વર્ષીય પરિણીતાએ આજે સવારના સમયે પોતાના ઘરે એકલા હતા ત્યારે પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી જીવન ટૂંકાવી લીધું હતું. બનાવની જાણ થતાં જ ભકિતનગર પોલીસના પીએસઆઈ આર.કે.સામુદ્દે અને હેડ.કોન્સ પ્રશાંતસિહ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મહિલાના પતિ મજૂરી કામ કરે છે.અને તેઓ કામ પર ગયા ત્યારે મહિલા ઘરે એકલા હતા ત્યારે આ પગલું ભરી લીધું હતું.બનાવથી એક માસૂમ ત્રણ પુત્રી છત્રછાયા ગુમાવી છે.જ્યારે પોલીસ દ્વારા આપઘાતનું કારણ જાણવા તજવીજ હાથ ધરી છે.

## જૂનાગઢમાં અકસ્માતમાં ઘવાયેલા યુવાનનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના ઝાંઝરડા રોડ પર ચાલી રહેલી રસ્તાની કામગીરી દરમ્યાન ગટરનાં ઉંચા ઢાંકણાને લીધે બે દિવસ પહેલા સર્જાયેલાં અકસ્માતમાં સારવાર દરમ્યાન યુવકનું મોત થતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

જૂનાગઢ નોબલ યુનિવર્સિટીમાં મેકેનિકલ એન્જીનીયરીંગનો અભ્યાસ કરતો મોહિત દિપકભાઈ પૈડાં ઉ.૨૨ બે દિવસ અગાઉ તેનાં ફઈનાં ઘરે જઈ રહ્યો હતો. દરમ્યાન ઝાંઝરડા રોડ પરથી પસાર થતાં ખરાબ રસ્તાનાં લીધે જે ગટરનાં ઢાંકણા જે રોડથી ઉંચા જોવા મળી રહ્યાં છે. તેવામાં ગટરનું ઢાંકણામાં બાઈક અથડાતા પડી જતાં માંથુ ડીવાડર સાથે ભટકાતાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ બે દિવસની સારવાર બાદ તેનું મોત થયું છે. મૃતકનાં પિતા દિપકભાઈ મનસુખભાઈ પૈડાએ જણાવ્યું હતુ કે, મારો જુવાન દીકરો આ રસ્તાનાં લીધે ગુમાવ્યો છે. પરંતુ હવે બીજા આવા અકસ્માત ન થાય તેની કાળજી લેવા તેમજ વહેલી તકે રસ્તો રીપેર કરવામાં આવે તેવી મારી હાથ જોડીને જૂનાગઢ મનપા તેમજ જવાબદાર તંત્રને અનુરોધ છે.

## સાણથલી ગામે આરુણી શૈક્ષણિક સંકુલની ઓફિસ માંથી રૂપિયા ૧.૧૫ લાખની રોકડની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

આટકોટ તાલુકાના સાણથલી ગામે આવેલી આરુણી શૈક્ષણિક સંકુલ ના આચાર્ય અને સાણથલી ગામે બફક્ષસ ફ્રાર બફફ્રિમફ ની બાજુમાં રહેતા હિતેશભાઈ કાળુભાઈ ધડુક એ આટકોટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે કોઈ અજાણ્યા શખ્સોએ આરુણી શૈક્ષણિક સંકુલની ઓફિસમાં પ્રવેશ કરી ટેબલના ખાનામાં રાખેલા સ્કૂલ ફી અને ટ્રસ્ટના રોકડા રૂપિયા એક લાખ ૧૫ હજાર ની કોઈ ચોરી કરી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે આટકોટ પોલીસના પી.એસ.આઇ જેએસ સિસોદિયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મુથુટ ફાયનાન્સમાંથી દાગીના છોડવા સોની યુવાન સાથે શખ્સે કરી રૂા.૨.૩૧ લાખની ઠગાઈ

### અગાઉ દાગીના ગીરવે મુકી મહિલા સામે ઠગાઈ કરનાર શખ્સ વિરૂધ્ધ વધુ એક ફરિયાદઃ જેલમાંથી કબ્જો લેવા તજવીજ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવાડ રોડ પર રહેતા અને ભુપેન્દ્ર રોડ પર તેના ફુવાની ફાયનાન્સની ઓફિસ ચલાવતા ઉમંગભાઈ જેન્તીભાઈ ધકાણને તેના દાગીના છોડાવવાના બહાને ગઠીયો રૂ.૨.૩૧ લાખની છેતરપિંડી કરી ગયાની ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ કરતા અગાઉ ગઠીયાએ મહિલા દાગીના લઈ ફાયનાન્સમાં ગીરવે મુકી ઠગાઈ કર્યાની ફરિયાદમાં જેલ હવાલે હોય પોલીસે જેલમાંથી કબ્જો લેવા મથામણ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ ઉમંગભાઈ ધકાણે ફરિયાદ કરી હતી જેમા આરોપી તરીકે યોગેશ અશોકભાઈ જીલ્કાનુ નામ આપ્યુ હતુ ફરિયાદમાં વધુ જણાવ્યુ હતુ કે તેની ફાયનાન્સની ઓફિસે હતા ત્યારે યોગેશભાઈ આવ્યા હતા તેને તેનુ ૫૫ ગામ ૯૦૦ મીલી સોનાના દાગીના રૈયારોડ પર મુથુટ ફાયનાન્સમાં મુકેલા હોય અને તેના ઉપર રૂ.૨.૨૫ લાખની લોન લીધી હોય જે દાગીના છોડાવી વેચવા ત્યા તમારા ફાયનાન્સમાંથી લોન લેવાની હોવાનું જણાવી તેને દાગીના ઉપર લોન લીધાની પહોચ બતાવતા તેને લોન માટેને પ્રોસેસ કરી અને ઓફિસમાં કામ કરતા ધીરૂભાઈને રૂ. બે લાખ આપી મુથુટ ફાયનાન્સની ઓફિસે મોકલ્યા હતા દરમિયાન પીરૂભાઈએ ફોન કરી તેને બીજા ઓનલાઈન રૂ.૩૧ હજાર ભરવાનુ કહેતા તેને ઓફિસ માલિકના પુત્રના ફોનમાંથી ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા બાદમાં ફરી પીરૂભાઈએ ફોન કર્યો હતો કે પૈસા ભરાઈ ગયા બાદ યોગેશ સીગારેટ પીવાનુ કહી અહીંથી નિકળી ગયો હોય પરત આવ્યા ન હોવાનુ જણાવતા તેને ફોન કરતા યોગેશનો ફોન બંધ કરી દેતા તેને શોધખોળ કર્યા બાદ નહી મળતા તેને ફરિયાદ કરી હોવાનુ જણાવતા જમાદાર ભાવેશભાઈ સહીતે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

## ન્યુડ વિડિયો કોલનો શિકાર બનેલા યુવાન પાસે યુવતીએ પડાવ્યા રૂા.૮૦ હજાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ફેસબુકમાં યુવકને ફ્રેન્ડ બનાવી અજાણી યુવતીએ વ્હોટસ એપ નંબર મંગાવી વિડીયો કોલ કરી તેનો ન્યુડ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી રૂ.૮૦ હજાર પડાવી લીધાની યુવકે ફરિયાદ કરતા તાલુકા પોલીસે મોબાઈલ નંબરના આધારે યુવતી સહીતના સામે ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા મથામણ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફુટ રીંગ રોડ પર માધવ વાટીકામાં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા દર્શીત મનસુખભાઈ કાલરીયાએ ફરિયાદ કરી હતી જેમા આરોપી તરીકે પૂનમ શર્મા નામની યુવતી સહીતના નામો આપ્યા હતા ફરિયાદમાં જણાવ્યુ હતુ તે છેલ્લા એક વર્ષથી ફેસબુક વાપરતા હોય તેમા તેના ફોટા પોસ્ટ કરતા હોય ચારેક માસ પહેલા ફેસબુક આઈડીમાં પુનમ શર્મા નામે ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી જે એકસેપ્ટ કરતા તમારે મારા ફ્રેન્ડ બનવુ છે જેથી તેને હા પાડી હતી અને તેને વ્હોટસએપ નંબર માગતા તેને તેના નંબર આપ્યા હતા જેથી રોજ મેસેજ કરતી હોય ત્યાર બાદ તેને વિડીયો કોલ કર્યો હતો અને પુનમ નામની યુવતીએ તેના કપડા કાઢી નાખેલા હતા અને તેને પણ તેના કપડા કાઢી નાખવા માટે કહેતા તેને કપડા કાઢી નાખ્યા બાદ તેને વાત કરતા કરતા મમ્મી આવી ગયા તેમ કહી ફોન કાપી નાખ્યો હતો અને તેની જાણ બહાર યુવતીએ ન્યુડ વિડીયો ઉતારી લીધો હોય જે વિડીયો તેને વ્હોટસએપમાં મોકલ્યો હતો અને મેસેજ કરી આ વિડીયો તારા સગા સંબધીને વાયરલ નહી કરવો હોય તો તારે રૂ.૫ હજાર મોકલવા પડશે જેથી તે ડરી ગયો હોય પોલીસ ફરિયાદ કરવાની પણ ધમકી આપતા તેને મોબાઈલ નંબર મોકલતા. તેમા ઓન લાઈન બે હજાર મોકલી આપ્યા હતા અને સાયબર ક્રાઈમ ગાંધીનગર ખાતે ફરિયાદ કરી હતી દરમ્યાન તેને ફોન આવ્યો હતો જેમા દિલ્હી ક્રાઈમ બ્રાંચમાંથી બોલતા હોવાનુ અને તારો વિડીયો પુનમે ફેસબુકમાં વાયરલ કર્યો છે. અને તે ડીલીટ કરવા માટે રૂપિયા ટ્રાન્સફર કરવા પડશે કહી કટકે-કટકે કુલ રૂ. ૮૦ હજાર પડાવી લીધાનુ જણાવતા એએસઆઈ જાડેજા સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા મથામણ કરી હતી.

## મોરબીમાં ૧૦ વર્ષની બાળકીનો હાથ પકડી ચેનચાળા કરી ઘરમાં લઈ જવાની કુચેષ્ટા કરતા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં ફીટકારજનક કિસ્સો સામે આવ્યો છે જેમાં એક ૧૦ વર્ષની બાળકીનો હાથ પકડી ચેનચાળા કરી બદકામ કરવાના ઇરાદે ઘરમાં લઇ જવાની કોશિશ કરતા એક શખ્સ વિરુદ્ધ ભોગ બનનારની માતા દ્વારા મોરબી બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હાલ પોક્સો સહિતની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી આરોપીને શોધવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના સામાકાંઠા વિસ્તારમાં રહેતા પરિવારની ૧૦ વર્ષની બાળકી ઉપર હવસખોરીની વિકૃત માનસિકતા ધરાવતા શખ્સ જસવંતભાઈ જગજીવનભાઈ રાવલ રહે. મોરબી સો ઓરડી વરીયાનગર એ કુદષ્ટિ કરી હતી. આ અત્યંત ધૃણાસ્પદ બનાવમાં ઉપરોક્ત શખ્સ દ્વારા ૧૦ વર્ષની માસુમ બાળકીને હાથનો ઇસારો કરી પોતાની પાસે બોલાવી માસુમ દીકરીનો હાથ પકડી તેના ચેનચાળા કરી આરોપીએ પોતાના ઘરમાં લઇ જવાની કોશિશ કરી હતી. જે સમગ્ર બનાવ અંગે ભોગબનનાર દીકરીની માતા દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો સહિતની કડક કલમ હેઠળ ગુન્હો નોંધી આરોપીને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ અતિ ચકચારી કેસની આગળની તપાસ બી ડિવિઝન પીઆઈ પી.એ.દેખાવડીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## ગોંડલ રોડ પર રસુલપરામાં કારમાં ચાઈનીઝ દોરી લઈ નીકળેલા બે વેપારીની ધરપકડ

### કોઠારીયા સોલવન્ટ પાસે શીતળાધારમાં વિદેશી દારૂની ૧૫ બોટલ સાથે લોહાણા શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**



શહેર ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ દ્વારા ગોંડલ રોડ પર પ્રતિબંધિત ચાઈનીઝ દોરી નો જથ્થો લઈ કારમાં નીકળેલા બે વેપારીની ધરપકડ કરવામાં આવી છે જ્યારે વિસ્તારમાં બુટલેગર ના ઘરે ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે દડો પાડી વિદેશી દારૂની ૧૫ બોટલ સાથે લોહાણા શંખની ધરપકડ કરી છે.

અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઇ એમ જેહુણ હેડ કોન્સ્ટેબલ અમિતભાઈ કોન્સ્ટેબલ નગીનભાઈ તથા એસઆઇ રાજદિપસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ મોહિત રાજસિંહ સહિતનો સ્ટાફ ગોંડલ રોડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એક મારૂતિ સુઝુકી સીઆર 15 ck 27 38 નંબરની માં બે શખ્સો શંકાસ્પદ નીકળતા પોલીસે કાર અટકાવી તલાસી લેતા પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ની ૧૪૬ ફીરકીઓ કિંમત રૂપિયા ૩૭,૦૦૦ ની મળી આવતા પોલીસે મેહુલ નગર કોઠારીયા રોડ પર રહેતો કૌશલ દિલીપ મશરાણી નામના અને ગાયત્રીનગર મેઈન રોડ પર આસનવાડીમાં રહેતો નીરજ નિલેશ મસાણી નામના બે શખ્સોની અટકાયત કરી કાર સહિત ₹ ૩.૫ લાખ નો મુદ્દામાલ કબજે કર્યો છે જ્યારે અન્ય એક બનાવવામાં કોઠારીયા સોલવન પાસે આવેલા શીતળાધાર માં રહેતો કરણ રમેશ ખોડા નામના શખ્સના રહેણા અને મકાનમાં દોરડો પાડતા વિદેશી દારૂની ૧૫ બોટલ અને ૧૧ હજારનો દેશી દારૂ મળી આવતા પોલીસે ૧૭,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી લોહાણા શખ્સની ધરપકડ કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT